સને ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષના અંદાજપત્રમાંથી જુન-૨૦૧૬ થી જુલાઇ-૨૦૧૬ માસ માટેની આયોજન હેઠળની ગ્રાન્ટ ફાળવવા બાબત......
માંગણી ક્રમાંક: ૯૬ (આદિજાતિ વિકાસ વિભાગ)
(આયોજન હેઠળ)

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
યાદી ક્રમાંક : બીયુડી/૧૦૨૦૧૬/૮૩૧/ખ-૩
સચિવાલય, ગાંધીનગર
તારીખ :૦૫-૦૭-૨૦૧૬

વંચાણે લીધા –

(૧)આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૩-૦૬-૨૦૧૬ના ઠરાવ ક્રમાંક:-
બીયુડી/૧૦૨૦૧૬/૨૦૨/છ
(૨)આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૩-૦૬-૨૦૧૬ ઓનલાઈન ઠરાવ ક્રમાંક:-
બીયુડી/૧૦૨૦૧૬/૨૦૨/પ્લાન/૩૫

યાદી : -

આમુખમાં ઉપર દર્શાવેલા આદિજાતિ વિકાસ વિભાગના વંચાણે લીધા ક્રમાંક-૧ અને ૨ થી સને ૨૦૧૬-૧૭ ના જુન અને જુલાઇ માસ માટે રાજ્ય પુરસ્કૃત યોજના હેઠળ રૂ.૩૮.૪૨ લાખની (અંકે રૂપિયા આડત્રીસ લાખ બેતાલીસ હજાર પુરા) ગ્રાન્ટ પાણી પુરવઠા પ્રભાગના હવાલે મુકવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૫-૧૬માં માંગણી ક્રમાંક :૯૬ હેડ ચાર્જેબલ ૪૨૧૫ ૦૧ ૭૯૬ ૦૬ - રણ વિસ્તાર વિકાસ કાર્યક્રમ ક્ષેત્ર પ્રોગ્રામ હેઠળ ભારત સરકાર દ્વારા છુટી કરવામાં આવેલ ગ્રાન્ટ સામે રાજ્યના હિસ્સાની ગ્રાન્ટ પુરતી જોગવાઇ ન હોવાને કારણે નાણા વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬માં આદિજાતિ વિકાસ વિભાગને છૂટી કરવામાં આવેલ ન હતી. તેથી, નાણા વિભાગ દ્વારા સદર પ્રોગ્રામ હેઠળ રાજયના હિસ્સાની વર્ષ ૨૦૧૫-૧૬ ન છુટી કરવામાં આવેલ ગ્રાન્ટ રૂ.૩૮.૪૨ લાખ પાણી પુરવઠા પ્રભાગને વર્ષ ૨૦૧૬-૧૭ની અંદાજપત્રીય જોગવાઈની સામે ફાળવેલ છે.

પ્રભાગને ફાળવેલ ગ્રાન્ટ માંગણી ક્રમાંક : ૯૬, મુખ્ય સદર – ૪૨૧૫ માં આયોજન હેઠળ રૂ.૩૮.૪૨/- (અંકે રૂપિયા આડત્રીસ લાખ બેતાલીસ હજાર પુરા) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરને નીચે જણાવેલ વિગતવાર સદરોએ ખર્ચ કરવા ફાળવવા ઉપાડ અને વહેચણી અધિકારી, (પા.પુ.) નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર ને હસ્તક મુકવામાં આવે છે.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર

( રૂપિયા લાખમાં )

| અ.નું | વિગતવાર સદર | જુન-૨૦૧૬ થી જુલાઇ-૨૦૧૬ સુધી<br>આયોજન હેઠળ | રકમ શબ્દોમાં |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | માંગણી ક્રમાંક - ૯૬ (આયોજન હેઠળ) | | |
| ૧ | મુખ્ય સદર - ૪૨૧૫ પાણી પુરવઠો અને સ્વચ્છતા અંગે મૂડી ખર્ચ જોગવાઈ<br>પેટા મુખ્ય સદર - ૦૧ પાણી પુરવઠો<br>ગૌણ સદર - ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના<br>પેટા સદર - ૦૬ રાષ્ટ્રીય ગ્રામીણ પેય જળ યોજના – રણ વિસ્તાર વિકાસ કાર્યક્રમ ક્ષેત્ર<br>વિગતવાર સદર - ૦૦<br>હેતુ સદર - ૬૦૦૦ અન્ય મૂડી ખર્ચ<br>હેડ ચાર્જેબલ– ૪૨૧૫ ૦૧ ૭૯૬ ૦૬<br>સ્કીમ કોડ – ૩૨૨૭૫૩ | ૩૮.૪૨ | અંકે રૂપિયા આડત્રીસ લાખ બેતાલીસ હજાર પુરા |
| | કુલ સરવાળો.... | ૩૮.૪૨ | |

શરતો :-

1. સને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં કરવામાં આવેલ બજેટની જોગવાઈ પરત્વે ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં રહીને જેતે હેતુસર ગ્રાન્ટ ફાળવવામાં આવી હોય તે હેતુસર જ ખર્ચ કરવાનો રહેશે. ફાળવેલ ગ્રાન્ટ કરતા વધુ ખર્ચ થશે તો તેની જવાબદારી નિયંત્રણ અધિકારીની રહેશે.
2. આ અંગેનો ખર્ચ સને ૨૦૧૬-૧૭ ના વર્ષની મંજુર થયેલ ગ્રાન્ટ સામે ઉધારવાનો રહેશે.
3. આ યોજનાના ખર્ચ/બચત અંગે ઉપસ્થિત થનાર એ.જી.ના ઓડીટપારા અન્વયેના ખુલાસાઓ પણ પાણી પુરવઠા વિભાગને કરવાના રહેશે.

3. આ યોજનાના ખર્ચ/બચત અંગે ઉપસ્થિત થનાર એ.જી.ના ઓડીટપારા અન્વયેના ખુલાસાઓ પણ પાણી પુરવઠા વિભાગને કરવાના રહેશે.
4. ઉપરોક્ત સૂચનાઓનું ચૂસ્તપણે પાલન થાય તે જોવા સંબંધિત નિયંત્રણ અધિકારી/ખાતાના વડાઓ/કચેરીના વડાઓ તેમજ પગાર અને હિસાબી અધિકારી, તિજોરી અને પેટા તિજોરી અધિકારીઓને આથી જણાવવામાં આવે છે.
5. ફાળવેલ ગ્રાન્ટ જે તે હેતુ માટે વાપરવામાં આવી હોય છે તે અંગેનું ઉપયોગીતા પ્રમાણપત્ર ઉપાડ અને વહેચણી અધિકારી ને મોકલ્યા બાદ જ નવી ગ્રાન્ટ ફાળવવામાં આવશે.
6. ગ્રાન્ટ ફાળવણીના સંદર્ભમાં ખરેખર ખર્ચની માહિતી પછીના માસની ૧૦ તારીખ સુધીમાં સમયસર પુરતી ચોકસાઈથી તૈયાર કરીને વિભાગને અચૂક મોકલવાની રહેશે. જેથી ભવિષ્યમાં ઓડીટપારા ઉદભવે નહિ.
7. જે યોજનાઓ વર્ષ ૨૦૧૪-૧૫ સુધી ૧૦૦% કેન્દ્ર પુરસ્કૃત હતી. તે વર્ષ ૨૦૧૫-૧૬થી ૬૦% કેન્દ્ર: ૪૦% રાજ્ય થયેલ છે. (i) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના - રણ વિસ્તાર વિકાસ કાર્યક્રમ (ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ) હેઠળ ફાળવેલ ગ્રાન્ટ કેન્દ્ર સરકાર દ્વારા ૬૦% કેન્દ્રના હિસ્સા મુજબ જે ગ્રાન્ટ રીલીઝ કરેલ છે. તેની ગ્રાન્ટ સામે ૪૦% રાજ્યના હિસ્સાની ગ્રાન્ટ છૂટી કરેલ છે.
8. ફાળવેલ ગ્રાન્ટમાંથી અંદાજપત્રમાં જોગવાઈ કર્યા પ્રમાણેના બધા જ વિગતવાર સદરોએ ખર્ચ કરવાનો રહેશે.
9. આમુખમાં દર્શાવેલ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (આદિજાતિ વિકાસ વિભાગ) ના તા.૨૩-૦૬-૨૦૧૬ ના ઠરાવમાં દર્શાવેલ શરતો પણ ધ્યાને લેવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તમના નામે.

(આર. બી. સોલંકી)
સેક્શન અધિકારી
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પ્રતિ,

૧. ખાસ ફરજ પરના અધિકારી (પા.પુ.), નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨. સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
૩. નાણાંકીય નિયંત્રકશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
૪. સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરને વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.

<u>નકલ રવાના</u>

૧. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત. અમદાવાદ/ રાજકોટ.
૨. મુકામી અને તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
૩. ઉપસચિવશ્રી (બજેટ), નાણા વિભાગ, ક – શાખા, સચિવાલય, ગાંધીનગર.
૪. ઉપસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (આદિજાતિ વિકાસ વિભાગ), સચિવાલય, ગાંધીનગર
૫. જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
૬. નાયબ સેક્શન અધિકારી.
૭. પસંદગી ફાઈલ.